## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

મૂલ્યો અને માનસિક શાંતિથી ભૂતાન ઘેલું છે
ઢંઢેરા-દંભ-દેખાડામાં વિશ્વે કદાચ છેલ્લું છે,
છે આધ્યાત્મિક ઊંચાઇ ત્યાં સરકાર-પ્રજા વચ્ચે
અહીં ગંદી ખટપટોથી રાજકારણ મેલું છે.
(ભૂતાનના વડાનું પ્રશંસનીય વકતવ્ય)

### હાઈકુ

ઉંધો રિવાજ!
બહેનને ત્યાં જમણ -
મામા પીરસે!!
(મામાની વાહ-વાહ)

લાલજી ઘસે
મફતનું ચંદન -
લે છે ટાઢક!
(આપણે ખર્ચે, કેન્દ્રના mou)

### ચિંતન

**સુમુખો અપિ સુવૃતો અપિ સન્માર્ગ પતિતો અપિ સન્ । સતાં વૈ પાદલગ્નો અપિ વ્યજાય ત્યેવ કંટકઃ ॥**

'જે લોકોનો સ્વભાવ જ બીજાને પીડા-વ્યથા પહોંચાડવાનો છે એ ગમે તેવા સારા સંજોગો-વાતાવરણમાં હોય છતાં ય બીજાને દુઃખ-ત્રાસ જ આપે છે.' કંટક-ના રૂપક પરથી આ શ્લોકમાં આ વાત સમજાવવામાં આવી છે.'

'કાંટાનું મુખ સુંદર-અણીદાર છે, તેના પાયાનો વળાંક પણ સુંદર છે - સારે માર્ગે પડેલો છે. અને સર્જનોના ચરણમાં લાગે છે (પગ લાગવુંની ક્રિયા) આમ કાંટો બધી રીતે સારી સ્થિતિમાં પડેલો છે છતાંય તે બીજાને તો પીડા જ આપે છે.'

જેની આકૃતિ-પ્રકૃતિ સારી હોય તે સામાન્યતઃ સજ્જન હોય-સન્માર્ગે જે ચઢેલા હોય-પડેલા હોય એ પણ સ્વભાવે નિર્દોષ અને પરોપકારી હોય, અને વળી જે સજ્જનોના ચરણ સ્પર્શ કરે એ તો સંત સ્વભાવના જ હોય - કંટક-કાંટામાં આ બધાં જ લક્ષણ છે છતાં તે સજ્જનો ને વિના કારણ પીડા પહોંચાડે છે.

### સુવિચાર

- જાતમાં ભૂસકો મારવા માટે, ધોધ થાવું પડે છે પાણીને - ખલીલ ધનતેજવી
- એક વર્તુળમાં તમે જીવવા માંગો છો..? તો પછી વૃક્ષની જેમ ફેલાવું મુશ્કેલ છે - એસ. ભટ્ટાચાર્ય
- જે ગણિતશાસ્ત્રી થોડો ઘણો કવિતાનો રસિક નથી હોતો એ સચોટ ગણિતશાસ્ત્રી બની શકતો નથી - રશિયન કહેવત
- સફળતામાં તો લોકો તમને સવાલ પૂછે છે જે તમને સારું લાગે છે.. પણ નિષ્ફળતામાં તો સવાલ તમારે તમારી જાતને પૂછવાનો હોય છે - વર્ગીસ કુરિયન
- માણસની મૂર્ખામી કરવાની શક્તિઓને કયારેય ઓછી આંકવી નહીં - ચંદ્રકાન્ત બક્ષી
- વિશ્વના કોઇ અજાણ્યા ખૂણેથી, કોઇ અજાણ્યો વ્યક્તિ આઇફોન કે આઇપોડ ખરીદી, ખુશ થઇ મારી પ્રોડક્ટની તારીફ કરતો ઇમેઇલ મને કરે છે એ બાબત મને જેટલી ખુશી આપે છે એટલી ખુશી બીજે કયાંયથી મળતી નથી - સ્ટીવ જોબ્સ
- મૈં કિતનાહી તાલાબ મૈં, ક્યોં ન ખડા રહું..
  પર કૈસે ભૂલ જાઉં મૈં, મૈં હું કંમલ નહીં - નાઝ અમરોહી

- (સંકલન : દીપક વી. આસરા)

### બોધ કથા

આપણે જિંદગીના અમૂલ્ય વર્ષો, મહિના, દિવસો, કલાકો, ક્ષણો નાહક, નકામી, કંઇ જ કર્યા વિના ગુમાવી દઇએ છીએ, હરવું-ફરવું-ખાવું-પીવું કલાકો સૂઇ જવું, પડયા રહેવું, ટીવી-ફિલ્મો-મોબાઇલ-વોટ્સએપ-મેસેજ-કોમ્પ્યુટર આપણે કિંમતી-મૂલ્યવાન સમય ખાઇ જાય છે.

જીવન-સાફલ્યની કોઇ જ પ્રવૃત્તિ આપણે કરી શકતા નથી અને જીવન પશુવત્ કોઇ જ નોંધનીય-હેતુલક્ષી કામ કર્યા વિના વીતી જાય છે.

ભગવાન બુદ્ધની સત્સંગ સભામાં પ્રશ્નોત્તરી ચાલતી હતી. એક શિષ્યએ ભગવાન બુદ્ધને પૂછ્યું - ભંત્તે, માણસ 'પવિત્ર અને જાગૃત ' છે એમ કયારે - કોને કહેવાય?

ભગવાન બુદ્ધે કહ્યું - ઇશ્વરે આપણને સો વર્ષનું આયુષ્ય આપ્યુ - એમાંથી પચાસ વર્ષ ઉંઘમાં જાય, બાકીના મોજશોખ-આધુનિક સુવિધાઓના ભોગમાં જાય છે એ વ્યર્થ કહેવાય.

જીવનના સાફલ્ય, નિશ્ચિત હેતુ, માટે જે વર્ષો-કલાકો-ક્ષણ-પળેપળ વિતાવે અને દરેક ક્ષણે સત્કાર્ય માટે જે જાગૃત રહે તે - વ્યક્તિ ને જ જાગૃત અને પવિત્ર કહેવાય.

સદાય સદાચરણ, સત્કાર્ય, સેવામાં જ સમય પસાર કરવો જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# ઘરમાં અને બહાર માણસ જુદો

## સંસ્કાર અને સજ્જનતા પણ કેટલીક વખત દેખાવ બને છે, મુખવટો લગાવીને લોકો સારા દેખાતા હોય છે, સારા હોવું અને દેખાવું બંનેમાં ફરક છે, કેટલાક માણસો બહાર નમ્ર દેખાય છે, પણ ઘરમાં વિચિત્ર અને કઠોર

### વિચારયાત્રા

- ડો. જય ઓઝા

માણસ પોતાના અંગત માહોલમાં અને બહારની દુનિયામાં કેવો છે તેના પરથી તેના સંસ્કાર અને રીતભાતનો ખ્યાલ આવે છે. બહુધા માણસ બહારની દુનિયામાં વધુ સંસ્કારી અને સજ્જન નજરે પડે છે, પરંતુ તેના અંગત જીવનમાં આવું દેખાતું નથી. સંસ્કાર અને સજ્જનતા પણ કેટલીક વખત દેખાવ બની જાય છે. મુખવટો લગાવીને લોકો બહાર સારા દેખાતા હોય છે એટલા જ ઘરની અંદર કઠોર અને વિચિત્ર જણાતા હોય છે. માણસ આખી દુનિયા સાથે મીઠાશથી વર્તતો હોય, પરંતુ નિકટના પ્રિયજનો અને ખાસ કરીને પત્ની સાથે તેનું વર્તન બેહૂદું હોય છે. આપણે ત્યાં માની લેવામાં આવ્યું છે કે જેમની સાથે અંગત સંબંધો હોય તેની સાથે ગમે તેમ વર્તી શકાય. એટલે આપણે ઘણી વખત ઘરનાઓ સાથે અન્યાય કરતા હોઈએ છીએ. ઘરની બહાર જેટલી સજ્જનતા બતાવીએ છીએ એટલી ઘરની અંદર રહેતી નથી. માણસનો અસલી ચહેરો ઘરમાં છૂપો રહી શકતો નથી. માણસ ગમે તેટલો દેખાવ કરે, ગમે તેટલાં મહોરાં લગાવે પણ પત્ની પાસે તેની અસલિયત પ્રગટ થઈ જાય છે. આપણું કૌટુંબિક અને સામાજિક જીવન આપણી નૈતિકતાનો આધાર છે. જયાં આપણને કશો ફાયદો થવાનો ન હોય એવી પરિસ્થિતિમાં નાનામાં નાના માણસ સાથેનું આપણું વર્તન કેવું છે તે આપણા સંસ્કારની કસોટી છે.

જીવનવહેવારમાં સ્વાર્થ અને સંકુચિત ભાવનાને કારણે મનની મોકળાશ જેટલી હોવી જોઇએ તેટલી રહી નથી. આપણા મનમાં કાંઈક હોય છે અને કરતા કાંઈક બીજું હોઈએ છીએ. દંભ આપણી પ્રવૃત્તિનો પ્રાણ બની ગયો છે. આપણને શું લાગે છે તેના કરતાં બહારની દુનિયામાં આપણે કેવા દેખાઈશું તેની વધુ ચિંતા છે. દંભના કારણે જૂઠો વહેવાર ચાલે છે અને માણસ જેવો છે તેવો દેખાતો નથી.

●●●

બુદ્ધિ અને જ્ઞાનનો અહંકાર સૌથી વધુ ખતરનાક છે. કેટલાક માણસો પોતાને સર્વજ્ઞ માનતા હોય છે. દરેક બાબતમાં જરૂર હોય કે ન હોય માથું મારતા હોય છે. જાણકારી હોય કે ન હોય, પણ સલાહ આપવા બેસી જાય છે અને આ સલાહ આપણા ભલા માટે છે એવું ઠોકી ઠોકીને કહેતા હોય છે. આપણે તેની સલાહને અનુસરીએ એવો તેનો આગ્રહ હોય છે.

'હું નથી જાણતો મને આ બાબતમાં જ્ઞાન નથી' એમ કહેવું મુશ્કેલ છે. મોટા ભાગના લોકોની એવી માન્યતા હોય છે કે તેઓ બધું જાણે છે. કુટુંબ, સમાજ અને જુદા જુદાં ક્ષેત્રોમાં આવા દોઢડાહ્યા માણસોનો તોટો નથી. આવા જિદ્દી અને હઠાગ્રહી માણસો કેટલીક વખત ઊંધું વેતરી નાખે છે. આ અંગે એક દૃષ્ટાંત સમજવા જેવી છે.

એક ગામમાં એક આંધળો રહેતો હતો. ગામમાં તે આમતેમ ફરી શકતો હતો અને ગામની તેને પૂરી માહિતી હતી. દરેક રસ્તાની, ઘરોની તેને જાણકારી હતી. આંખ ન હતી, પરંતુ ગામમાં તે કદી ભૂલો પડતો નહીં. આવી આવડતથી તેના અહંકારનો પારો ચે ચડી ગયો હતો. તેને એમ હતું કે પોતે ધારે ત્યાં જઈ શકે છે અને ફરી શકે છે અને બીજા અંધજનો કરતાં વધુ સમજદાર, હોશિયાર અને જાણકાર છે.

ગામમાં બીજા અંધજનો પણ હતા. તેમણે એવી ઈચ્છા વ્યક્ત કરી કે આમ ગામમાં અને ગામમાં પડી રહેવાથી શું દહાડા વળશે. આપણે તો અંધ આંખે દુનિયા જોવી છે.

પેલો જાણકાર આંધળો કહે, ચિંતા ન કરો. હું તમને દુનિયા દેખાડીશ. તમે મારી પાછળ પાછળ ચાલ્યા આવજો. એક જણે કહ્યું: ક્યાંય ધું તો નહીં મારોને?

ડાહ્યો આંધળો કહે, અત્યાર સુધી એવું બન્યું છે? ગામમાં ક્યાંય મને એક ઠોકર વાગી છે? મારા જેવો જાણકાર માણસ ગામમાં કોઈ નથી. તમે મારી પર ભરોસો રાખો. હું તમને નવી દુનિયાનાં દર્શન કરાવીશ.

એકબીજાને ટેકે ટોળી આગળ વધી. જયાં સુધી ગામની હદ હતી ત્યાં સુધી વાંધો આવ્યો નહીં. ડાહ્યો સૌથી આગળ ચાલતો જાય અને પાછળ એકબીજાને ટેકે ચાલતાને પૂછતો જાય, ભાઈ કાંઈ તકલીફ પડી? સાથે રહેલા અંધજનો કહે, ના, તમે તો સાચે જ દેખતા લાગો છો.

પણ જેવી ગામની સીમા પૂરી થઈ કે બધા ઠેબે ચડવા લાગ્યા. સાથે રહેલાઓએ ફરિયાદ શરૂ કરી. ડાહ્યો કહે, ભાઈ, હું તો જાણકાર છું, પણ આ રસ્તો જ એવો છે. જયાં દુનિયા ખાડાટેકરાવાળી હોય ત્યાં આપણે શું કરી શકીએ?

આંધળાઓ તેને ભરોસે આગળ ચાલ્યા પણ જાણકાર આંધળો ગામનો જાણકાર હતો, બહારનો નહીં. એક ડો ખાડો આવતાં તે પડ્યો અને પાછળના બીજાઓને પણ સાથે લેતો ગયો. ઓછું જાણતો માણસ વધારે જાણકારી હોવાની ડિંગ મારે છે અને બીજાને રાહ બતાવવા નીકળે છે ત્યારે આવી હાલત થાય છે. એટલે તો કહેવત છે આંધળો ગામ બતાવે દુનિયા નહીં .

દરેક ક્ષેત્રમાં આવા આંધળા માણસો પડ્યા છે. આવા આગેવાનો આખા કટકને ઠેબે ચડાવતા હોય છે. તેમને હા જી હા કરનારા માણસો પણ મળી રહે છે. લુચ્ચા રાજકારણીઓ અને પાખંડી ધર્મગુરુઓ લોકોને ધે રવાડે ચડાવતા હોય છે. આવા ડાહ્યા લોકો દુનિયાને સુધારવા મથી રહ્યા છે, પરંતુ ખુદ સુધરતા નથી. સલાહ આપવી સહેલી છે પણ સ્વીકારવી કઠિન.

●●●

આપણું સમગ્ર જીવન આપણા મનનું પરિણામ છે. આપણે ક્રોધ, લોભ, મોહ અને રાગદ્વેષ દૂર કરવા માગીએ છીએ, પણ તેને ભૂલી શકતા નથી. એટલે સતત તે વસ્તુ આપણા મન પર અંકુશ જમાવે છે. કોઈ એક ધારાને ભૂલવી હોય, કોઈ એક વસ્તુને દૂર કરવી હોય તો બીજી મજબૂત ધારામાં જવું પડે, નહીતર તેને અતિક્રમાશે નહીં. જે વસ્તુ સબળ હોય છે તે ચિત્ત પર છવાઈ જાય છે. મન વિપરીતમાં રહેતું હોય છે. જયારે આપણે કોઈ વસ્તુ નહીં કરવાના સોગંદ લઈએ છીએ, વ્રત ધારણ કરીએ છીએ ત્યારે એ વસ્તુ વારંવાર આપણી નજર સમક્ષ આવે છે. કોઈ વસ્તુને ભૂલવાનો પ્રયત્ન કરીએ ત્યારે તે વારંવાર યાદ આવે છે અને યાદ રાખવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે તે ભુલાઈ જાય છે. ઉપવાસ કરવાનું નક્કી કરીએ છીએ ત્યારે ભોજન સામે આવીને ભું રહી જાય છે.

ખોટાને તોડવા અને દૂર કરવાની ઉતાવળ કરતાં પહેલાં સાચાને પકડવાની કોશિશ કરવી જોઈએ. સાચું પકડાઈ જશે તો ખોટું એની મેળે દૂર થઈ જશે. નકારાત્મક વલણ પશ્ર્ચાતાપ અને પીડા અને ઉદાસીનતા ભી કરશે. જે નથી છોડાતું તેનો અફસોસ રહેશે અને સાચાને પકડી શકાશે નહીં. ખોટું છોડવા કરતાં સાચું પકડવાનો મનસૂબો મજબૂત હોવો જોઈએ. સારું હાથ લાગશે તો ખરાબ છોડવાનું સરળ બની જશે. માણસ ત્યાગની, છોડી દેવાની વાત કરે છે અને કદાચ થોડું છોડી પણ દે છે, પણ સારું પકડાતું નથી એટલે આ છોડવાનું વ્યર્થ બની જાય છે અને ત્યાગનો અહંકાર રહી જાય છે.

●●●

પરમેશ્રરે સૃષ્ટિનું જયારે સર્જન કર્યુ ત્યારે માણસ બંને આંખે સારી વસ્તુઓ જોતો હતો. બંને કાને સારી વાત સાંભળતો હતો અને બંને હાથે સારાં કાર્યો કરતો હતો. આથી શેતાન સાવ નવરો બની ગયો હતો. નવરો પડેલો આ શેતાન યુક્તિઓ અજમાવતો હતો. જેથી માણસ કાંઈક ખરાબ કામ કરે અને તેને મોકો મળે પણ કારી ફાવતી નહોતી.

એક દિવસ શેતાન સંપૂર્ણ ઉજ્જવળ સ્વરૂપ ધારણ કરીને અને સજ્જનતાનો મુખવટો લગાવીને માનવી પાસે ગયો અને કહ્યું: તમે કેવા ગાંડા લોકો છો. શું એક આંખે દેખાતું નથી? એક કાનેથી સંભળાતું નથી? શું એક હાથે કામ લેવાતું નથી? જયાં એકની જરૂર છે ત્યાં તમે બેનો ઉપયોગ કરો છો. એકનો ઉપયોગ કરો ને બીજાને સાચવી રાખો. ભવિષ્યમાં તમને જ કામ લાગશે.

માણસને શેતાનની વાત ગળે તરી ગઈ. બસ ત્યારથી તે એક આંખે જોવા લાગ્યો, એક કાને સાંભળવા લાગ્યો અને એક હાથે કામ કરવા લાગ્યો. આથી પરિણામ એ આવ્યું કે નવરા પડેલા બીજા અંગનો શેતાને કબજો લીધો. આ પછી માણસની આંખોએ સારા સાથે નરસું જોવા માંડ્યું. એના કાને સાચાની સાથે ખોટું સાંભળવા માંડ્યું અને એના હાથે સતકૃત્યોની સાથે દુષ્કૃત્યો કરવાનું શરૂ કરી દીધું.

આ પછી માણસ એવી ભુલભુલામણીમાં પડી ગયો કે સારું શું અને ખરાબ શું, સાચું શું અને ખોટું શું? એ સમજવું મુશ્કેલ બની ગયું. ખરાબમાં સારું અને જૂઠમાં સત્ય દેખાવા લાગ્યું અને દંભે સજ્જનતાનો અને જૂઠે સત્યનો આંચળો ઓઢી લીધો. દરેક માણસે પોતાનું સત્ય બનાવી લીધું અને પછી હું કહું તે અને હું કરું તે સાચું તે જીવનનો મંત્ર બની ગયો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## ચારે બાજુ ઘાયલ પક્ષીનાં ચિત્કારો તેમના લોહી નીગળતા દેહ અને દયામણી યાચક નજરો મને વિહ્વળ બનાવતી હતી, મને થતું હતું કે આવી ઉત્તરાયણ આપણે ન ઉજવીએ તો ન ચાલે, જરા તમે પણ વિચારજો

### હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

શહેરમાં જયારે આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ રહ્યું હોય, ધાબા પર લોકો કાયપો છે... કાયપો છે... ની ચીચીયારીઓ પાડતા હોય.... મોટે મોટેથી વાજીંત્રો વગાડતા હોય ત્યારે ચારેબાજુ શોરબકોર હોય, કોઈ વળી વાંસના બોરડીના ઝાંખરા ભરાવી પતંગ લૂંટવાની મજા લેતા હોય તો કયાંક ધાબાં અને છાપરાં પર યુવાનો અને છોકરાઓ એક થી બીજે ભાગંભાગ કરતા હોય કોઇ નીચે પટકાય, કોઈ વાહન ચાલકના ગળામાં પતંગની દોરી ફસાતાં તેનું ગળું કપાય ત્યારે ઘડીભર અરેરાટી થઇ જાય પણ પેલાં આકાશમાં ઉડનારાં પંખીઓનું શું ?

પતંગ ઉડાડવાના ઉત્સાહમાં પક્ષીઓની પીડાનો કોણ વિચાર કરે! અને શા માટે વિચાર કરે? પણ પતંગ કાપનારાઓ અને ધાબા પર ચીચીયારીઓ કરી મજા લેનારાઓને જો એક વખત તેમના થકી થતી પક્ષીઓની અમાનુષી કતલનાં દશ્યો બતાવવામાં આવે તો કદાચ તેમનું હૃદય પણ પીગળે. કણસતાં, ચીત્કારો કરતાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાતાં લોહીથી લથબથ ખરડાયેલાં એ મુંગા જોવીની યાતના જોનારનું હૃદય હચમચાવી નાંખે તેવી હોય છે. ત્યારે જીવદયા પ્રેમી ગુજરાતના યુવાનોમાં હવે એક સમજ, સેવા, દયા, કરૂણા અને સંવેદના પણ જાગૃત થઇ રહી છે. તે આવા જાગૃત, કંઇક કરી છૂટવાની તમન્નાવાળા, સાહસિક અને સંવેદનશીલ યુવક યુવતીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવે તો તેઓ કેવા સરસ કામ કરી શકે તે પણ એક ઉદાહરણ રૂપ હોય છે.

ઉત્તરાયણના તહેવારોમાં પતંગ ઉડાવવાની મજા લેવાની જગ્યાએ સેવાકાર્યમાં જોતરાયેલાં યુવક યુવતીઓને ગાંધીનગરમાં આંગળી ચીંધનાર એક કરતાં વધું જૂથો કાર્યરત છે. તેમાં કિશોરસિંહ પઢિયારનું જંગલીઝ ગૃપ હોય કે ચૈતન્ય - અંજના નિમાવત દ્વારા વનશ્રી નામે કે પછી સમય સંજોગ અનુસાર કોઇ નાનું ગૃપ મળી આવું કામ કરવા તૈયાર થાય ત્યારે તેમના માટે જગ્યા અને જરૂરી સુવિધાના પ્રશ્નો ઊભા તાય તે સ્વાભાવિક છે. તે પુરું પાડવાનું કામ પ્રકૃતિ ઉદ્યાનમાં થતું હોય ત્યારે પ્રકૃતિ ઉદ્યાનના કર્મચારીઓ હોય કે શ્રમજીવીઓ તેઓ પણ હોંશ અને ઉત્સાહથી આ કામમાં જોડાતા હોય છે.

બર્ડ રેસ્કયુ પછી બચાવ અભિયાનમાં વન વિભાગ અને બીજી કેટલીય સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જોડાવા લાગી છે અને તેના થકી એક સુંદર અને મહત્ત્વપૂર્મ કામ તો થઈ જ રહ્યું છે અને તહેવારના ઉત્સાહમાં માનવીય સંવેદના વધુ જાગે તે હજુ પણ જરૂર હોય તેમ લાગે છે. તે માટે અખબારો અને વીજાણુ માધ્યમો ઉપરાંત હવે તો ઈન્ટરનેટ પર ફેસબુક, ટ્વીટર કે વૉટ્સઅપ ઉપર પણ વિવિધ પ્રકારના સંદેશાઓ અને તસ્વીરો મુકાતાં જાગૃતિનુંપ્રમાણ વધી રહ્યું છે. તેના કારણે જુદા જુદા માધ્યમો દ્વારા જે ફોન નંબરો આપવામાં આવે છે. તેના પર ફોન કરતાં જ સેવા અને સંવેદના જેમનામાં ખુબ ભરી પડી છે. તેવા જાગૃત યુવક યુવતીઓ પોતાના ખર્ચે અને જોખમે ટુ વ્હીલર્સ લઇ ને દોડીને પહોંચી જાય છે પરંતુ તેમના વચ્ચેનું સુંદર સંકલન અને સંચાલન કરવાની મહ્ત્વપૂર્ણ કામગીરી બજાવતાં જે જૂથો છે તેમને પણ કયાંક ને કયાંક મદદરૂપ થાય તેવી જગ્યા અને તંત્ર પણ જોઈએ, ઘાયલ પક્ષીઓની સારવાર માટે નિષ્ણાતોની ટીમ જોઈએ, ડૉકટરો જોએએ. તેમને રાખવા યોગ્ય વ્યવસ્થા પણ જોઈએ. એ બધુંપ્રકૃતિ ઉદ્યાનમાં વરસોથી મળી રહે છે. તેથી અહીં ઉત્તરાયણ અનોખી રીતે ઉજવાય છે.

સવારે હું પ્રકૃતિ ઉદ્યાન પહોંચું છું. ત્યાં જ ચૈતન્યનો ફોન આવે છે. સેકટર-૨૪માં એક આંબળીના ઝાડ ઉપર કબુતર ફસાયું છે. તેના પગમાં પતંગના દોરની ગૂંચ ફસાઈ જતાં તે વીજલીના થાંભલાની બિલકુલ ઉપર લટકી રહ્યું છે. અમારા ગ્રુપના યુવાનો ત્યાં ગયા હતા પણ પહોંચી શકાય તેવું ન હોવાથી હવે હું જઇ રહ્યો છું. અંજના અને બીજી યુવાન યુવતીઓ હમણાં ત્યાં પહોંચશે.

રાજદૂતને કીકમારી હું જૂની પાર્ક વોર્ડન કચેરીએ પહોચું છું ત્યારે પાર્કમાં સેવા આપતાં ડૉ. બી.એમ. ભાડસીયા અને રસીકભાઇ તેમજ નુર મહંમદ ઠેબા બધી વ્યવસ્થા ગોઠવીને બેઠેલા જણાય છે. નાના નાના પાંજરામાં કોથળા કે પુઠાં મુકીને કામચલાઉ વોર્ડ તૈયાર કરી દીધા છે. ટેબલ પર દવાઓ અને પાટાપીંડી માટેના સાધનો પણ મુકાયા છે. તો અંદરના ભાગે ટેબલ મુકીને કામચલાઉ ઓપરેશન થિયેટર ઊભું કરી દેવામાં આવ્યું છે. આવનાર પક્ષીઓની નોંધ માટે રજીસ્ટમાં લીટીઓ પાડતાં રસીક ભાઇ સાથે હું કંઇ વાત કરું તે પહેલાં તો બાઇક પર એક યુવાન અને યુવતી આવી પહોચ્યા.

સર... સર.. આ કબુતરને બહુ જ વાગ્યું છે. તેની પાંખ કપાઇ ગઇ છે. જલ્દી કંઇ કરો.

અરે, પણ તમે જરા શ્વાસ લો, ધીરજ ધરો, બધું જ થશે. લાવો કયાં છે કબુતર - મેં કહ્યું.

યુવતીએ બાસ્કેટ ટેબલ પર મુક્યું તેમાં કપડામાં વીંટાળીને કબુતરને એ લાવ્યા હતા. ડૉકટર ભાડસીયા અને નુર મહંમદે તે કામ હાથમાં લીધું હતું. રસીકબાઇ એ રજીસ્ટરમાં નોંધ કરી અને કબુતરની તાત્કાલીક સારવાર થવા લાગી. પેલાં યુવક યુવતી કુતૂહલથી જોતાં હતા.

અંજનાબેન નથી આવ્યા, મેં પુછ્યું.

અંજના મેમ આવ્યા છે તે પ્રકૃતિ ઉદ્યાનના ગેઈટ પાસે છે. તે આખી કામગીરીનું સંચાલન કરે છે - યુવતીએ કહ્યું, બહુ સરસ

અમારી આ વાત ચાલતી હતી ત્યાં એક રીક્ષા ધુળ ઉડાડતી અંદર પ્રવેશતી દેખાઇ. તે અમારી નજીક આવીને ઉભી રહી એટલે ગામડાનો લાગતો હોય તેવો પોષાક પહેરેલ એક યુવક ઉતર્યો.

'સાહેબ મોર ઘાયલ થયેલો છે. તેને આપવા આવ્યા છીએ.'

કયાંથી લાવ્યા છો?

ચિલોડા અને દહેગામ વચ્ચે રોડ પર આ ભાઈ રીક્ષા લઈને આવતા હતા. ત્યારે મોરને રસ્તા પર આમ તેમ ભાગતો જોયો. તેની પાંખ કપાઈ ગઈ છે. એટલે ઉડી શકતો નથી. કુતરાં તેની પાછલ પડેલાં તેનાથી અમે બધાએ મળીને તેને બચાવ્યો છે. તમે અહીં રાખશો ને?

'હા... જરૂર... જરૂર.. આ બાજુ લઈ આવો.' મેં તેમને કહ્યું એટલે રીક્ષામાં પાછળ બેઠેલ બે જણ અને રીક્ષા ડ્રાઈવર બધા એ મળી મોરને નીચે ઉતાર્યો. તેવામાં બે બાઈકો આવી. હાં એ ડૉ. સંજય ચૌધરી અને ડૉ. ભરત પ્રજાપતિ હતા. તેમની સાથે ડૉ. સોલંકી પણ આવ્યા હતા. મોરની સારવાર શરૂ થતાં દહેગામ બાજુથી આવેલ ગ્રામ્ય યુવાનો મનોમન આભારની લાગણી પ્રદર્શીત કરતા પરત ફર્યા.

સૂરજ ઊંચે ચડી રહ્યો હતો. પવન પણ સારો એવો હતો. પ્રકૃતિ ઉદ્યાનના આકાશમાં ઉપર જોતા કપાયેલી પતંગો ઝોલા ખાતી જતી હતી તો નીચે સેવાની લગનીવાળા યુવક યુવતીઓ બાસ્કેટમાં કબુતર, કાબર, પોપટ, ચકલી જેવા ઘાયલ પક્ષીઓ લઈને આવી રહ્યાં હતા. કોઈની પાંખો કપાયેલ હતી તો કોઈને ગળે ઊંડો ઘા જોવા મળતો હતો. કોઈના પગે પતંગના દોરાની ગુંચ હતી તો કોઈ ઓપરેશન ટેબલ પર મુકતાં જ પ્રાણ ત્યાગી દેતા હતા. લોહીલુહાણ પંખીઓની આ હાલત પતંગ ઉડાડનારાઓ શૌખીનોને જો બતાવવામાં આવે તો કદાચ અર્ધાથી વદુ લોકો તો પતંગ ઉડાડવાનું જ બંધ કરી દે એવો પણ એક વિચાર આવી જાય.

દિવસ જેમ જેમ પસાર થતો હતો તેમ તેમ વધુને વધુ પક્ષીયઓ આવી રહ્યાં હતા. હિંમતનગરથી એક પર્યાવરણપ્રેમી મિત્ર સોનીભાઈનો ફોન આવ્યો. કાળી કાંકણસાર ને લઈને એ આવી રહ્યાં હતા. એક બે બગલા પણ આવ્યા હતા. તો વળી કોબા ગામ બાજુથી ઘાયલ સમડીને લાવવામાં આવી હતી. ત્રણ વેટરનીટી ડૉકટરો સતત અવિરત સારવારમાં લાગી ગયા હતા. ત્યારે મને આ આખું દશ્ય યુદ્ધ છાવણી જેવું લાગતું હતું અને મેઘાણીનું પેલું ગીત યાદ આવતું હતું. 'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે...' શહેર આખું સરરાંગણમાં જાણે કે ફેરવાઇ ગયું હતું. આવું કયાં સુધી? એ પ્રશ્ન મને સતાવતો હતો. પણ તે અંગે કંઇ વિચાર્યુ એ પહેલાં દૂરથી એક જીપ આવતા દેખાઇ. તે નજીક આવીને ઊભી રહી. એક જરા આધેડવયના ભાઈ ઊતર્યા અને અધીરાઈથી મને પુછ્યું.

સાહેબ આ મોટો સફેદ બગલો લાવ્યા છી.

હાં બતાવો... કહેતા હું જીપની પાછળ ભાગે ગયો. ત્યાં બે યુવાનો પક્ષીને કપડામાં લપેટીને બેઠા હતા.

જરા ખોલો તો... મેં કહ્યું તેમને કપડું દૂર કર્યુ તેની ચાંચ બાંધી દીધી હતી. કંઇક સારવાર પણ અપાયેલ હોય એમ લાગતું હયું.

અરે ! આ તો પેલીકન છે. તમને કયાંથી મળ્યું.

કલોલની એક મીલના કમ્પાઉન્ડમાં પડી ગયેલું. અમે જોયું એટલે ડૉકટર પાસે લઈ ગયા. પકડવા દેતું જ નહોતું જુઓ... આ ભાઇને હાથમાં કેટલી ચાંચો મારી છે. પેલાઓ પૈકી એક જણે બીજાનો હાથ બતાવતાં કહ્યું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## નિવૃત્ત છતાં પ્રવૃત્ત વિવિધ પ્રવાહો સાથે સંલગ્ન રહેતા ઉમરેઠના વતની, પ્રાધ્યાપક ડૉ. રાજેન્દ્ર રતીલાલ જોષી

### મોંઘેરા મોતી

- નટવર આહલપરા

માત્ર સાહિત્યકાર, સંગીતકાર જ તેમના ક્ષેત્રમાં પાવરધા હોય છે તેવું હોતું નથી પણ એક તબીબ, ઇજનેર કે ઇતિહાસ/ભૂગોળ વ. વિષયના તજજ્ઞો પણ શિક્ષણ, સાહિત્ય અને સંગીત જેવા ક્ષેત્રોમાં કુશળ હોય છે.

અહીં એવા જ એક સાક્ષર પુરુષનો પરિચય આપને કરાવવાનો છે. જેમનું નામ છે. ડો. રાજેન્દ્ર રતીલાલ જોષી. તા. ૨૪-૦૮-૧૯૪૪ના રોજ જન્મેલા અને આણંદ જીલ્લાના ઉમરેઠ ગામના વતની જોષી સાહેબ સ્પે. ભૂગોળ વિષય સાથે એમ.એ. થયા છે. ઉપરાંત ઇતિહાસ વિષયમાં તેમજ ભૂગોળ પદ્ધતિમાં બી.એડ્. થયાં અને ત્યારબાદ પી.એચ.ડી.ની ઉપાધી પ્રાપ્ત કરી હતી.



પછી તો અમદાવાદ, રાણપુર અને સુરેન્દ્રનગરમાં શાળાઓમાં ચાર વર્ષ સુધી, મોડાસા આટ્ર્સ કોલેજમાં તેમજ ખેડા કોમર્સ કોલેજમાં ભૂગોળ વિષયના વ્યાખતા પદે સેવાઓ આપી હતી. ૧૯૭૪ થી ૩૧-૧૦-૨૦૦૬ સુધી ર.પુ. અનડા શિક્ષણ મહાવિદ્યાલય બોરસદમાં શિક્ષણ વ્યાખ્યાતા તરીકે સેવા આપીને નિવૃત્ત થયાં. પણ જીવ શિક્ષકનો એટલે નિવૃત્ત થયાં પછી એકવર્ષ અનડા વિદ્યા.માં કાર્યકારી આચાર્ય પદે સેવાઓ પ્રદાન કરેલી. એમ.એડ. ના છાત્રાને એટલે કે ૨૦ થી વધુ વિદ્યાર્થીઓને સંસોધન નિબંધના માર્ગદર્શક તરીકે માર્ગદર્શન આપ્યું હતું. મુલાકાતી વ્યાખ્યતા તરીકે ભરૂચ અને મુંબઇ પણ સેવા આપી હતી.

સંસારમાં શિક્ષક જ વધુ તંદુરસ્ત રહી દીર્ઘાયુ ભોગવે છે કારણ કે, 'તેઓ પ્રસન્ન રહે છે અને સૌને પ્રસન્ન રાખે છે. પ્રા. રાજેન્દ્રભાઇ અચ્છા લેખક પણ છે. આર.આર. શેઠની કંપની જેવી માતબર પ્રકાશન સંસ્થાઓ તેમનું પુસ્તક 'ભૂગોળ શિક્ષણની નવી ધરી' પ્રકાશિત કર્યું. (૨) શિક્ષણ હાથપોથી' ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા અને 'વાણિજય શિક્ષણ પદ્ધતિ' બી.એડ્. ના છાત્રો માટે ગુજરાત યુનિ. દ્વારા પુસ્તકો પ્રકાશન પામ્યાં તે આજે પણ ઘણાં જ ઉપયોગી નિવડે છે. એસ.એન.ડી.ટી. યુનિ. સંલગ્ન, મુંબઇ ખભાત કોલેજમાંથી આચાર્યપદે રહ્યા હતા.

જેમ પંખીને ચણ, ગાયને ઘાસ, ગરીબને રોટલો આપી તેઓની આંતરડી ઠારનારા હોય છે તેમ છાત્રોની અને રસિકોની જ્ઞાન સુધાને તૃપ્ત કરનારાઓ અનેક હોય છે. જોષી સાહેબે શૈક્ષણિક લેખો લખી પરમાર્થનું કામ પણ કર્યું છે. 'દૃષ્ટિ' ગુજરાત સંશોધન મંડળષ મુંબઇ, 'પથિક' મા. શિ. પરીક્ષણ, યોજના, આજકાલ, અર્થસંકલન, સ્ત્રી રોજગાર સમાચાર, મા. સંદેશ, ઘરશાળા જેવા પ્રતિષ્ઠિત સામયિકોમાં ૨૫ થી વધુ શૈક્ષણિક લેખો પ્રકાશન પામ્યાં છે.

'ચરોતર વેસ્ટર્ન ટાઇમ્સ,' આણંદથી પ્રકાશિત થતા વર્તમાનપત્રમાં એક વર્ષ સુધી કટાર લેખન કર્યું. દર ગુરુવારે સરદાર ગુર્જરી દૈનિકમાં પણ તેમણે કોલમ લખી શિક્ષણને વધુ ઉજાગર કર્યું હતું.

ગુજરાત ભૂગોળ, મંડળ, અમદાવાદ તેમજ ભારતીય ભૂગોળ મંડળ, પૂનાના આજીવન સભ્યપદે રહ્યાં.

ઇતિહાસ અને ભૂગોળ જેવા વિષયોની વચ્ચે પણ ક્ષણે ક્ષણે જીવંત રહ્યાં અને આજે પણ રહે છે તેવા ડો. રાજેન્દ્ર રતીલાલ જોષી સાહેબની તંદુરસ્તી, સ્વસ્થતા, પ્રસન્નતા જળવાઇ રહે તેવી શુભેચ્છા આપીએ.

તેમનો સંપર્ક અને મો.નં છે. ૯૮૨૫૯૮૦૫૭૭, (ઘર) ૨૪૧૩૮૩
- ૨૨/બી, પ્રણવ સોસાયટી, બી.કે. પાર્ક પાસે, ઇન્દિરા માર્ગ, આણંદ-૧